## બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને રજાપ્રવાસ-રાહતનો લાભ આપવા અંગે

શિક્ષણ વિભાગ, ક્રમાંક બમશ-1399-675-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. 9-3-'99

પ્રતિ,
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

***વિષય :*** *બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને રજાપ્રવાસ-રાહતનો લાભ આપવા બાબત.*

ઉપર્યુકત વિષય પરત્વે ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ તરફથી તેમની રજૂઆત પૈકીની એક રજૂઆત એલ.ટી.સી. નો બ્લોક 1999 ના વર્ષના ડિસેમ્બર માસમાં પૂરો થાય છે. આ બ્લોકનો લાભ બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને મળે તે અંગેનો છે. આ બાબતમાં આ વિભાગના ઠરાવક્રમાંક : બમશ-1177-આ-5535-ગ, તા. 5-3-'80 તરફ આપનું ધ્યાન દોરતાં આજ્ઞાનુસાર જણાવવાનું કે, સરકારી કર્મચારીઓને મળતા રજામુસાફરી-ભથ્થા તથા મેડિકલ વળતરનો લાભ આ વિભાગ હેઠળ ગ્રાન્ટ મેળવતી બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓને આપવાનું તથા આ બાબતમાં જે કોઈ સુધારા થાય તે આપોઆપ લાગુ પાડવાનું ઠરાવવામાં આવેલ છે. તે મુજબ ડિસેમ્બર-'99 માં પૂરા થતા એલ.ટી.સી. બ્લોકનો લાભ સરકારી કર્મચારીઓની જેમ બિનસરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને આવો લાભ મળે તે માટે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીઓ અને તમામ જિલ્લા તિજોરી અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવા વિનંતી છે.

સહી, મહેશભાઈ શાહ
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

* * *

## બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને રજાપ્રવાસ-રાહતનો લાભ આપવા અંગે

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ક્રમાંક-અનદ/2/બમશ-એલટીસી-99-004205-56
બ્લોક-12, ડૉ. જી. મ. ભવન, ગાંધીનગર, તા. 8-4-'99

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
(તમામ)

***સંદર્ભ :*** *શિક્ષણ વિભાગનો પત્રક્રમાંક : બમશ-1399-675-ગ, તા. 9-3-'99.*

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ તરફથી એલ.ટી.સી. નો બ્લોક 1999 ના વર્ષનો ડિસેમ્બર માસમાં પૂરો થાય છે, તથા અન્ય લાભો જેવા કે રજા મુસાફરી ભથ્થા તથા મેડિકલ વળતર રજા લાભ મેળવવા સરકારશ્રીમાં રજૂઆત કરેલ છે. શિ.વિ.ના તા. 5-3-'80 ના ઠરાવક્રમાંક : બમશ-1179-ખ-5535, અન્વયે સરકારી કર્મચારીઓને મળતાં રજાપ્રવાસ-રાહત તથા મેડિકલ વળતરનો લાભ ગ્રાન્ટ મેળવતી બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓને આપવાનું તથા આ બાબતમાં જે કોઈ સુધારા થાય તે સાથે આપોઆપ લાગુ પાડવાનું ઠરાવેલ છે, તો આપના જિલ્લાની બિનસરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ડિસેમ્બર-'99 માં પૂરા થતાં એલ.ટી.સી. બ્લોકનો લાભ સરકારી કર્મચારીઓની જેમ મળવાપાત્ર થાય છે તો તે મુજબ બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરશો.

સહી, સત્તાધિકારી
નાયબ શિક્ષણ નિયામક, ગાંધીનગર.

* * *